# દહેરાદુન-વારાણસી રેલ અકસ્માત

## ૩૫ યાત્રીઓના મોત, સેંકડો ઇજાગ્રસ્ત : : બચાવ તેમજ રાહત કામગીરી યુદ્ધના ધોરણે

રાઈબરેલી,તા. ૨૦

ઉત્તરપ્રદેશના રાઈબરેલી જિલ્લામાં બછરાવા રેલવે સ્ટેશન નજીક દહેરાદૂન-વારાણસી જનતા એક્સપ્રેસના એન્જિન અને બે કોચ પાટા ઉપરથી ખડી પડતા ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. રેલવે પ્રવકતા અનિલ સકસેનાના જણાવ્યા મુજબ આ ટ્રેન બછરાવા સ્ટેશન ઉપર રોકાનાર હતી પરંતુ લોકોમોટિવ ડ્રાયવરે સિગ્નલને ઓવરશુટ કરી દેતા એન્જિન અને નજીકના બે કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. જનરલ મેનેજર (નોર્થન રેલવે) અજય કુથીઆનું કહેવું છે કે, મોતનો આંકડો વધીને ૩૫ ઉપર પહોંચી ચુક્યો છે. બિન સત્તાવારરીતે મોતનો આંકડો વધુ આંકવામાં આવ્યો છે. ડિવિઝનલ કમિશનર લખનૌ મહેશ ગુપ્તાએ પણ કહ્યું છે કે, મોતનો આંકડો વધારે હોઈ શકે છે. રાજ્યના પાટનગર લખનૌથી ૫૦ કિલોમીટરના અંતરે સ્થિત બછારાવા રેલવે સ્ટેશન નજીક સવારે ૯.૩૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. રેલવે રાજ્યમંત્રી મનોજસિંહા અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા. ટ્રેનના ભારે નુકસાનમાં મુકાયેલા કોચમાં યાત્રીઓ ફસાઈ ગયા હતા. ડબ્બામાંથી લોકોને બહાર કાઢવા માટે કટરનો ઉપયોગ કરાયો હતો. આ બનાવથી લખનૌ-વારાણસી સેકશન પર ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. આજે સવારે ટ્રેન પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે અને ૧૫૦થી વધારે લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દહેરાદુન-વારાણસી જનતા એક્સપ્રેસ ટ્રેનના ત્રણ કોચ પાટા પરથી બછરાવા ખાતે ખડી પડ્યા હતા. ટ્રેનના લોકોમોટીવ બ્રેક ફેઈલ તઈ જતા આ બનાવ બન્યો હતો. રેલવે રાજ્યપ્રધાન મનોજ સિંહાએ માહિતી આપતા કહ્યું છે કે અકસ્માતના કારણે અસર પામેલા લોકોને મદદરૂપ થવા માટે નવી સહાય ટ્રેન પહોંચી ચુકી છે. જો કે તેમણે શરૂઆતમાં વધારે માહિતી આપી ન હતી. બનાવની જાણ થયા બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. બનાવની જાણ થયા બાદ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકોના સગા સંબંધીઓ પણ ઘટનાસ્થળે પહોંચવા લાગ્યા હતા. જ્યારે પોતાના સંબંધીઓ અંગે માહિતી મેળવવા માટે અંધાધુધી ફેલાઇ ગઇ હતી. ટ્રેન અકસ્માતના સંબંધમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

હાલમાં જ રેલવે બજેટમાં રેલવે પ્રધાન સુરેશ પ્રબુએ યાત્રીઓની સુવિધા વધારી દેવા માટે વિવિધ જાહેરાત કરી ચુક્યા છે. લોકોમોટીવ બ્રેક ફેઈલ થવાના મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.



### મૃતકોના પરિવારને બે લાખ આપવાની રેલવેની જાહેરાત

રાયબરેલી,તા. ૨૦

રાયબરેલીમાં બછરાવા રેલવે સ્ટેશન નજીક દેહરાદૂન-વારાણસી જનતા એક્સપ્રેસના એન્જિન અને બે કોચ પાટા ઉપરથી ખડી પડવાના બનાવ બાદ રેલવે દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. રેલવે દ્વારા તપાસનો આદેશ કરીને માર્યા ગયેલાઓના નજીકના સંબંધીઓને બે લાખ રૂપિયા અને ઘાયલ થયેલાઓને ૫૦ હજાર રૂપિયા તેમજ ઓછી ઈજા પામેલાઓને ૨૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ માર્યા ગયેલાઓના નજીકના સંબંધીઓને બે-બે લાખ રૂપિયા અને ઘાયલ થયેલાઓને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ઘટના સ્થળે તરત પહોંચવા ચેરમેન રેલવે બોર્ડ એકે મિત્તલ અને મેમ્બર ટ્રાફિક અજય શુક્લાને આદેશ કર્યો છે.દરમિયાન સમાજવાદી પાર્ટીના નેતા મનોજ કુમાર પાન્ડેએ કહ્યું છે કે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ઉત્તરપ્રદેશ સરકાર બનતી તમામ મદદ કરી રહી છે. બહુજન સમાજ પાર્ટીએ રાજ્યવિધાનસભામાં ટ્રેન અકસ્માતનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ અકસ્માત અંગે દુખની લાગણી વ્યક્ત કરી હતી. રેલવેના વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આબનાવ બાદ લખનૌ-વારાણસી સેકશન ઉપર ટ્રેન સેવા ઠપ થઈ ગઈ હતી. રેલવે દ્વારા તમામ મદદ કરવાની ખાતરી અપાઈ છે. ગામ વાળાઓ પણ નજીકથી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. રાયબરેલી નજીક મોટી ટ્રેન દુર્ઘટનાને લઈને લોકોમાં પણ આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ઈજાગ્રસ્ત યાત્રીઓને જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તાજેતરના સમયની આ સૌથી મોટી ટ્રેન દુર્ઘટના છે. લખનૌ અને રાયબરેલીથી બચાવ ટુકડીઓ પહોંચી ગઈ હતી. ગંભીરરીતે ઈજાગ્રસ્તોને કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી અને સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટમાં ખસેડાયા હતા.

# પાકિસ્તાન આઈસીસી વર્લ્ડ કપમાંથી બહાર

## સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા હવે ભારત સામે ટકરાશે

એડિલેડ,તા. ૨૦

એડિલેડ ઓવલ ખાતે આજે મોટી સંખ્યામાં ચાહકોની હાજરીમાં ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન ઉપર છ વિકેટે જીત મેળવીને આઈસીસી વર્લ્ડકપની સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. આઈસીસી વર્લ્ડકપની ત્રીજી ક્વાર્ટર ફાઈનલ મેચમાં પાકિસ્તાનનો ફ્લોપ શો રહ્યો હતો. પાકિસ્તાનની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૨૧૩ રન બનાવી શકી હતી જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. ઓસ્ટ્રેલિયાએ ૩૩.૫ ઓવરમાં ૨૧૬ રન બનાવી મેચ જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી શેન વોટસને અણનમ ૬૪ રન બનાવ્યા હતા જ્યારે ગ્લેન મેક્સવેલે માત્ર ૨૯ બોલમાં અણનમ ૪૪ રન ફટકાર્યા હતા. તે પહેલા વનડાઉનમાં સ્મિથ ૬૫ રનની ઉપયોગી ઈનિંગ્સ રમીને આઉટ થયો હતો. જીતવા માટેના ૨૦૧૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ એક વખતે ૫૯ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને એમ લાગતું હતું કે પાકિસ્તાન જોરદાર લડત આપશે પરંતુ શેન વોટસન અને મેક્સવેલે બાજી સંભાળી લીધી હતી. મેન ઓફ દ મેચ તરીકે હેઝલવુડની પસંદગી કરાઈ હતી. હેઝલવુડે ૩૫ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. આ જીતની સાથે જ ઓસ્ટ્રેલિયા હવે સેમિફાઈનલમાં પહોંચી ગયું છે. તે સેમિફાઈનલમાં ૨૬મી માર્ચના દિવસે ભારત સામે ટકરાશે. આજે અગાઉ આઈસીસી વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના બોલરો સામે પાકિસ્તાનના બેટ્સમેનો લાંબા સમય સુધી મેદાનમાં ટકી શક્યા ન હતા.પાકિસ્તાનની ટીમ ૪૯.૫ ઓવરમાં ૨૧૩ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનના કેપ્ટન મિસબાહે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ પાકિસ્તાને ખુબ ખરાબ શરૂઆત કરી હતી. તેના બન્ને ઓપનિંગ બેટ્સમેન સસ્તામાં પેવેલિયન ભેગા થઈ ગયા હતા. આજની મેચમાં પાકિસ્તાને નિયમિત ગાળામાં તેની વિકેટ ગુમાવી હતી. જેથી રન રેટને વધારવા અને જંગી જુમલો ખડકવામાં ટીમને સફળતા મળી ન હતી. એકબાજુ ભારતે ક્વાર્ટર ફાઈનલ મેચમાં બાંગ્લાદેશ પર જીત મેળવી હતી. જ્યારે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં શ્રીલંકા પર જીત મેળવી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી હેઝલવુડે જોરદાર બોલિંગ કરી હતી. આ ઉપરાંત મેક્સવેલ અને સ્ટાર્કે પણ જોરદાર બોલિંગ કરી હતી. વર્લ્ડ કપની મેચો હવે નિર્ણાયક તબક્કામાં પહોચી ગઈ છે. પાકિસ્તાન તરફથી આજની મેચમાં હારીશ સોહિલે ૪૧ રન કર્યા હતા. કેપ્ટન મિસબાહ ૩૪ રન કરીને આફટ થયો હતો. અત મહત્વપૂર્ણ મેચમાં પાકિસ્તાના બેટ્સમેનોએ ખોટા શોટ્સ ફટકારીને તેમની વિકેટ ફેંકી દીધી હતી. બીજી બાજુ કેપ્ટન માઈકલ ક્લાર્કે શાનદાર કેપ્ટનશીપ કરી હતી અને બોલરોને સતત બદલ્યા હતા જેના કારણે ફાયદો થયો હતો.યજમાન ઓસ્ટ્રેલિયા મેદાનમાં હોવાથી એડિલેડ મેદાન ખાતે મેચ જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આ ઉપરાંત ભારત સહિતના દેશોમાં મોટી સંખ્યામાં લોકો ટીવી પર ગોઠવાયેલા રહ્યા હતા. ભારત સામે સેમીફાઈનલમાં કોણ આવે છે તેને લઈને ઉત્સુકતા રહી હતી.



# જમ્મુ કાશ્મીરના કથુઆ જિલ્લામાં પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો

## હુમલાને અંજામ આપનાર બંને ત્રાસવાદીઓ મોતને ઘાટ

જમ્મુ,તા. ૨૦

જમ્મુ કાશ્મીરના કથુઆ જિલ્લામાં આજે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ભીષણ આત્મઘાતી હુમલાના કારણે જમ્મુ કાશ્મીર અને સમગ્ર ભારત ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું. આ આતંકવાદી હુમલામાં ત્રણ સુરક્ષા જવાનો સહિત ચાર લોકોના મોત થયા હતા અને અન્ય ૧૦ લોકો ઘાયલ થયા હતા. સુરક્ષા દળો સાથેની અથડામણમાં મોડેથી હુમલાને અંજામ આપનાર બંને આતંકવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. બપોરના ગાળામાં સમગ્ર ઓપરેશનનો અંત આવી ગયો હતો. જો કે, આ હુમલા દરમિયાન આતંકવાદીઓએ ભારે દહેશત ફેલાવી દીધી હતી. આજે વહેલી પરોઢે ત્રાસવાદીઓએ આ હુમલાને અંજામ આપ્યો હતો. પહેલી માર્ચના દિવસે રાજ્યમાં પીડીપી-ભાજપ ગઠબંધન સરકાર સત્તામાં આવ્યા બાદ રાજ્યમાં આ પ્રથમ મોટો આતંકવાદી હુમલો હતો. આઈજીપી જમ્મુ દાનિસ રાણાએ પણ આત્મઘાતી હુમલો હોવાની કબૂલાત કરી હતી. ઘાયલ સીઆરપીએફના કોન્સ્ટેબલ ભારત પ્રભુએ મોડેથી કહ્યું હતું કે, આતંકવાદીઓ સેનાના યુનિફોર્મમાં હતા. આ લોકોએ જમ્મુથી પઠાણકોટ તરફ જતી એક જીપને ચકાસણીના બહાને રોકી હતી. જીપનું અપહરણ કરવામાં આવ્યા બાદ તેઓએ આગેકૂચ કરી હતી. ત્યારબાદ રાજબાગ પોલીસ સ્ટેશન તરફ આગળ વધ્યા હતા. તેઓએ ત્યાં ગોળીબાર કરીને એકને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસ સ્ટેશનમાં ગ્રેનેડો ઝીંકતા અને અંધાધૂંધ ગોળીબાર કરતા તેઓ આગળ વધ્યા હતા. હુમલામાં કુલ છ લોકો માર્યા ગયા હતા જેમાં બે આતંકવાદી, સીઆરપીએફના બે જવાનો, એક નાગરિકનો સમાવેશ થાય છે. અગાઉ પોલીસ સ્ટેશન પર આજે સવારે ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. ત્રાસવાદીઓએ કેટલાક પોલીસ જવાનોને બાનમાં પકડી લીધા હતા પરંતુ વધારે નુકસાન કરી શક્યા ન હતા. બીજી બાજુ સુરક્ષા દળોએ મોરચા સંભાળી લઈને ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવા ઓપરેશન હાથ ધર્યું હતું. પ્રાપ્ત અહેવાલ મુજબ સવારે છ વાગે બે ત્રાસવાદીઓ સેનાના વસ્ત્રોમાં આવ્યા હતા અને રાજબાગ પોલીસ સ્ટેશનમાં પહોંચીને અંધાધુંધ ગોળીબાર શરૂ કર્યો હતો. સુરક્ષા દળો અને પોલીસે પોલીસ સ્ટેશનને ચારેય બાજુથી ઘેરી લઈને તેમની રીતે ઓપરેશન હાથ ધર્યું હતુ. રાજબાગ પોલીસ સ્ટેશન આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. સુત્રોએ કહ્યું છે કે હુમલાખોરો એ લોકો છે જે ગઈકાલે રાત્રે જ સરહદમાં ઘુસી ગયા હોવાનુ જાણવા મળ્યું છે. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ જમ્મુ - પઠાનકોટ હાઈવેને સાવચેતીના પગલારૂપે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક દિવસ પહેલા જ ગૃહ મંત્રાલય દ્વારા ચેતવણી આપવામાં ાવી હતી કે હુમલો થઈ શકે. કથુઆ અને સાંબા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં પોલીસ સ્ટેશન અને સૈન્ય છાવણી પર આવા જ હુમલા કરવામાં આવ્યા હતા. મુફ્તિ મોહમ્મદ સરકાર સત્તામાં આવ્યા બાદ આ પ્રથમ ત્રાસવાદી હુમલો છે. હુમલાની જવાબદારી હજુ સુધી કોઈએ સ્વીકારી નથી.



## સમાચાર ઝલક

- વડોદરા નજીક ક્રિકેટ મેચના ૯૦૦ કરોડના સટ્ટાનો પર્દાફાશ.
- સૂરત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહિલા જાતીય સતામણી કેસમાં સસ્પેન્ડ.
- કેવડીયાની સાધુ ટેકરી ખાતે ૧૮૨ મીટર ઉંચી સ્ટેચ્યુ ઓફ યુનીટીની કામગીરીના શ્રી ગણેશ.
- અમદાવાદમાં યુવતીઓએ એક શખ્સને ભેળવીને ૭૫ હજાર પડાવી લીધા.
- અમૂલ પણ 'ચમત્કારિક' ઊંટડીના દૂધનું વેચાણ કરશે.
- ગુજરાતમાં દર હજારે ૨૩૮ વાહનો ધરાવે છે.
- ઓખામાં સરકારી દવાખાનામાં ૧૮ વર્ષથી ડોકટરની જગ્યા ખાલી છે.
- અમદાવાદ-વડોદરા-રાજકોટમાં અબજો રૂપિયાના ફલેટો વેચાણ વગર પડી રહ્યા છે. મદીનું મહામોજું.
- જીપીએસસી અને નેટની પરીક્ષા એક જ દિવસે યોજાશે. ઉમેદવારો મુંઝવણમાં.
- ઐશ્વર્યા રાય બચ્ચને આરાધ્યાને કારણે કરોડોની ઓફર ઠુકરાવી.
- હવેથી ઈલેકટ્રીક વોટીંગ મશીનમાં ઉમેદવારોના ફોટા મુકાશે.
- વીમાની દુર્ઘટનામાં મૃત્યુમાં ૧ કરોડનું વળતર મળશે.
- શ્રી રતન ટાટાના વડપણ હેઠળ રેલવે 'કાયા કલ્પ' માટેની સમિતિ રચાઈ.
- રાજયસભામાં સાંસદો મચ્છરોથી ત્રાહિમામ.
- અમદાવાદમાં વોટસએપ પર દેહવ્યાપારનું રેકેટ.
- યમનમાં ત્રણ આત્મઘાતી હુમલામાં ૫૫થી વધુનાં મોત.
- ઊંચા ભાવ સાથે બજારમાં કેસર કેરીનું આગમન.
- શાહરૂખે બીએમસીમાં ભર્યો ૧.૯૦ લાખ રૂપિયાનો દંડ.
- માઈક્રોસોફટે લોન્ચ કર્યો સૌથી સસ્તો લૂમિયા સ્માર્ટફોન.

# ભારે ધાંધલ ધમાલની વચ્ચે માઈન્સ બિલ પસાર કરાયું

નવી દિલ્હી,તા. ૨૦

ભારે વિવાદ અને કાર્યવાહીને લઈને જટિલ સ્થિતિ સર્જાયા બાદ ખાણ અને ખનીજ સુધારા બિલ ૨૦૧૫ આજે રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને ડાબેરીઓ સિવાય તમામ રાજકીય પક્ષોએ આ બિલને ટેકો આપ્યો હતો. જનતાદળ યુનાઈટેડના સભ્યોએ મતદાન પહેલા વોકઆઉટ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ કોઈપણ પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છુક નથી. ખાણ પ્રધાન નરેન્દ્રસિંહ તોમરે બિલને પસાર કરવા માટે રજૂ કર્યું હતું. ત્યારબાદ આ બિલ પસાર કરાયું હતું. બિલની તરફેણમાં ૧૧૭ સભ્યોએ મત આપ્યા હતા જ્યારે વિરોધમાં ૬૯ સભ્યોએ મત આપ્યા હતા. અગાઉ ગૃહમાં બિલને લઈને ભારે ચર્ચા રહી હતી. કેટલાક સભ્યોએ માંગ કરી હતી કે, આ બિલને ફરી પસંદગી સમિતિમાં મોકલી દેવામાં આવે તે જરૂરી છે. કારણ કે, આ બિલને લાવતા રાજ્ય સરકારો સહિત સંબંધિતોના અભિપ્રાય લેવામાં આવ્યા નથી. સુધારા બાદ મતદાન કરાયું હતું. ડિવિઝનની સ્થિતિ સર્જાઈ હતી. ટીએમસી, એનસીપી, સપા, બસપા, બીજેડી, ડીએમકે, જેએમએમ જેવા પક્ષો સાથે વિભાજનની સ્થિતિ રહી હતી. શિવસેના અને અકાળી દળે સરકારને ટેકો આપ્યો હતો. ટુંકી ચર્ચા દરમિયાન સભ્યોએ ખાણના વિસ્તારમાં રહેતા આદિવાસી લોકોની દુર્દશા અંગે ચિંતા વ્યકત કરી હતી. સાથે સાથે તેમના પુનઃવસવાટના મુદ્દે પણ ચર્ચા કરી હતી. કેટલાક સભ્યોએ ધ્યાન દોર્યું હતું કે, બિલમાં કાયદાકીય બાબતો તરફ ધ્યાન અપાયું નથી.

## નરેન્દ્ર મોદી વિશ્વભારતી યુનિના ચાન્સલર નિમાયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ત્રણ વર્ષ માટે વિશ્વભારતી યુનિવર્સિટીના નવા ચાન્સલર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની જગ્યા ઉપર તેમની નિમણૂંક કરવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, વિશ્વભારતીના વિઝિટર તરીકે તેમની જવાબદારી રહેશે. ચાન્સલર ઓફ વિશ્વભારતી તરીકે મોદીની નિમણૂંક ત્રણ વર્ષ સુધીની રહેશે. મોદીને ચાન્સલર બનાવવા માટે ગયા વર્ષે જુલાઈ મહિનામાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ એક માત્ર સેન્ટ્રલ યુનિવર્સિટી છે જેમાં વડાપ્રધાન ચાન્સલર તરીકે રહ્યા છે.

## કેજરીવાલ સરકારે પાણીના દરમાં ૧૦ ટકા વધારો કર્યો

નવી દિલ્હી,તા. ૨૦

દરેક પરિવાર માટે એક મહિનામાં ૨૦૦૦૦ લીટર સુદી મપથ પાણી આપવાની સ્કીમની જાહેરાત કરવામાં આવ્યા બાદ દિલ્હીની અરવિન્દ કેજરીવાલ સરકારે હવે પાણીના દરમાં ૧૦ ટકા સુધીના વધારાની જાહેરાત કરી છે. દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનિશ સિસોદિયાએ દિલ્હી જળ બોર્ડ સાથે બેઠક યોજ્યા બાદ દરખાસ્તને લીલીઝંડી આપી હતી. જો કે કેજરીવાલ સરકારના આનિર્ણય સામે ભાજપ અને કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો છે. બન્ને પક્ષોએ કહ્યું છે કે સરકાર લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. સરકારે માહિતી આપતા કહ્યું છે કે આ વધારો એવા પરિવાર પર લાગુ થશે જે મહિને ૨૦૦૦૦ લીટરથી વધુ પાણીનો વપરાશ કરે છે. જેને મફતમાં પાણી મળે છે તે સોકોને સ્કીમ જારી રહેશે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાણીની ઉપયોગિતાને અકબંધ રાખવાના હેતુથી અને નાણાંકીય સ્થિતીને મજબુત રાખવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારે એકપછી એક સારા નિર્ણય લેવાનો દોર જારી રાખ્યો છે. સરકારે ૩૩૧૦ રૂપિયાની ફી લઈને તમામ ગેરકાયદે પાણીના કનેક્શનને કાયદેસર કરી દેવાનો પણ નિર્ણય કર્યો છે. જે અંગે ફી અગાઉ ૨૦૦૦૦ રૂપિયા હતી. આ નિર્ણયથી લોકો તેમના કનેક્શનને સત્તાવાર કરાવી લેવા માટે આગળ આવશે. સિસોદિયાએ આ નિર્ણયનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે સ્કીમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.